ગુજરાત કર્મચારી પસંદગી આયોગ દ્વારા ખરીદવામાં આવતા વર્તમાન પત્રો/સામયિકોના ખર્ચની સત્તા આપવા બાબત.

---

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: કપક-૧૦૮૯-૧૬૬૬-ગ૩.
સચિવાલય, ગાંધીનગર.

તારીખ. ૬-૩-૧૯૯૦.

વંચાણે લીધા:-(૧)સા.વ.વિ. ઠરાવ ક્રમાંક:કબીવાય-૧૧૮૬-૧૬ ૫૫-ગ૩, તા.૨૯-૩-૮૮.
(૨)ગુ.ક.પં.આયોગના પત્ર ક્ર:એન્ઓએમપી-૧૦૮૯-૧૯૬-ક તા.૨૭-૫-૮૯,
તા. તથા તા.૧૬-૧૨-૮૯.

ઠ રા વ :-

આ વિભાગના ઉપર (૧) માં વંચાણે લીધેલ તા.૨૯-૩-૧૯૮૮ના ઠરાવ ક્રમાંક: કબીવાય-૧૧૮૬-૧૬ ૫૫-ગ.૩ થી ગુજરાત કર્મચારી પસંદગી આયોગની રચના કરવામાં આવી છે. ઉપર ક્રમાંક: (૨) માં વંચાણે લીધેલ ગુજરાત કર્મચારી પસંદગી આયોગના પત્રો થી આયોગ દ્વારા ખરીદવામાં આવનાર વર્તમાન પત્રો/સામયિકોના ખર્ચની ચૂકવણીની નાણાંકીય સત્તા આપવા અંગે દરખાસ્ત કરવામાં આવી હતી.

૨. આ દરખાસ્ત ઉપર પુખ્ત વિચારણાને અંતે સરકારે નિર્ણય કરેલ છે કે રૂા.૪૦૦૦/- (રૂપિયા ચાર હજાર)ના વાર્ષિક ખર્ચની મર્યાદામાં રહી આયોગના ઉપયોગ માટે જરૂરી અખબારો/સામયિકો ખરીદવા ખર્ચ કરવાની સત્તા, ગુજરાત કર્મચારી પસંદગી આયોગ, ગાંધીનગરને આથી સત્તા આપવી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ અંગેનું ખર્ચ '' માંગણી ક્રમાંક-૨૯-મુખ્ય સદર-૨૦૫૨-જાહેર સેવા આયોગ-૭૭૩- કર્મચારી પસંદગી આયોગ-૧- કર્મચારી પસંદગી સેવા આયોગ'' હેઠળ જે તે વર્ષની ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા.૩૦-૧-૧૯૯૦ની નોંધથી મળેલ મંજૂરી બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.આર.જાદવ)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૩) સ્થાનિક તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૪) સચિવશ્રી, ગુજરાત કર્મચારી પસંદગી આયોગ, ગાંધીનગર.
(૫) સામાન્ય વહીવટ વિભાગ/જ શાખા.
(૬) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) સિલેક્ટ ફાઇલ.